# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 05-Dec-2024 સાંજે : 7.50થી 8.00

વાર : ગુરુવાર

આકાશવાણી સમાચાર સંસ્કૃતિ ભૂંડિયા વાંચે છે.

---

1) **ભાજપના દેવેન્દ્ર ફડણવીસે મુંબઇમાં આજે યોજાયેલા કાર્યક્રમમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે** – તો બીજી તરફ **ઝારખંડમાં મંત્રીમંડળનું આજે વિસ્તરણ કરાયું.**
2) **રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની સરકારે ભારતમાં લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે સ્થિર વાતાવરણ પૂરૂં પાડવા કરેલા પ્રયાસોને બિરદાવ્યા છે.**
3) **સંસદે ભારતીય વાયુયાન વિધેયકને બહાલી આપી છે.**
4) **ઇસરોએ યુરોપીયન અવકાશ સંસ્થાના ઉપગ્રહોને પીએસએલવી રોકેટની મદદથી અવકાશમાં સફળતાપૂર્વક તરતા મૂક્યા છે.**
5) **કેન્દ્ર સરકારે ગ્રેટ હેઠળ ટેકનીકલ ટેક્સટાઇલ ક્ષેત્રના બે સ્ટાર્ટઅપ માટે 50-50 લાખ રૂપિયાની અનુદાન સહાય મંજૂર કરી છે.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MAHA CM SWORN IN

ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસે મુંબઇમાં આઝાદ મેદાન ખાતે આજે યોજાયેલા ખાસ કાર્યક્રમમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. રાજયપાલ સી.પી.રાધાકૃષ્ણને શ્રી ફડણવીસને હોદ્દો અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.

શિવસેનાના વડા એકનાથ શિંદે અને એનસીપીના વડા અજીત પવારે પણ મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.

શ્રી ફડણવીસે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે ત્રીજી વખત જયારે શ્રી અજીત પવારે નાયબ મુખ્યમંત્રી તરીકે છઠ્ઠી વખત શપથ લીધા છે.

મહારાષ્ટ્ર મંત્રીમંડળના નવા મંત્રીઓનો શપથવિધિ આવતા અઠવાડિયે યોજાય તેવી સંભાવના છે.

આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા, કેન્દ્રિય મંત્રીમંડળના સભ્યો અને એનડીએના શાસન હેઠળના રાજયોના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીઓ સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## DAY JHARKHAND-CABINET EXPANSION

ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને તેમના મંત્રીમંડળનું આજે વિસ્તરણ કર્યું છે. રાજયપાલ સંતોષકુમાર ગંગવાલે આજે રાંચીમાં રાજભવન ખાતે યોજાયેલા ખાસ કાર્યક્રમમાં મંત્રીમંડળના 11 સભ્યોને હોદ્દો અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.

અગાઉ રાજયપાલે જેએમએમ પક્ષના એસ.મરાંડીને ગૃહના હંગામી અધ્યક્ષ તરીકે શપથ લેવડાવ્યા હતા.

## PUTIN-MODI

રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને ભારતમાં લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે સ્થિર વાતાવરણ પૂરૂં પાડવા નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની સરકારે કરેલા પ્રયાસોને બિરદાવ્યા છે.

ગઇકાલે મોસ્કોમાં યોજાયેલ રોકાણકારોના મંચમાં બોલતાં તેમણે કહ્યું કે, ઉત્પાદનને વેગ આપવા અને વિદેશી રોકાણને આકર્ષવાનાં ઉદ્દેશ સાથેની "મેક ઇન ઇન્ડિયા" પહેલે વૈશ્વિક અર્થતંત્રમાં ભારતની સ્થિતિને મજબૂત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેમણે ભારતની મેક ઇન ઇન્ડિયા અને રશિયાની આયાત અવેજી કાર્યક્રમમાં રહેલી સમાનતાઓ દર્શાવી હતી.

શ્રી પુતિને ભારતમાં ઉત્પાદન એકમો વધારવા રશિયા તત્પર હોવાનું જણાવ્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે રશિયન કંપની રોઝનેફ્ટે તાજેતરમાં જ દેશમાં 20 અબજ ડોલરનું રોકાણ કર્યું હતું.

રશિયાના રાષ્ટ્રપ્રમુખે લઘુ અને મધ્યમ ઉદ્યોગોના વિકાસને પ્રોત્સાહન આપવા બ્રિક્સ સંગઠનના દેશો વચ્ચે સહકાર વધારવા અને ઉદ્યોગક્ષેત્રના વિવાદોના ઝડપી ઉકેલ માટે તંત્ર રચવાની હિમાયત કરી હતી.

શ્રી પુતીને રશિયા બ્રિક્સ સાથે જે રોકાણ મંચ વિકસાવી રહ્યું છે તેની વિગતો આપી હતી.

## REV. RS-VAYUYAN VIDHEYAK

રાજયસભાએ ભારતીય વાયુયાન વિધેયકને આજે બહાલી આપી છે. લોકસભાએ ગત ચોમાસુ સત્રમાં આ વિધેયકને મંજૂરી આપી હતી. આ વિધેયકમાં કોઇપણ વિમાનની આયાત નિકાસ, વેચાણ કે ઉત્પાદનને લગતા નિયમો ઘડવાની સત્તા કેન્દ્ર સરકારને અપાઇ છે. આ ઉપરાંત આ વિધેયકમાં કોઇપણ વિમાન અકસ્માત બાબતે તપાસ કરવાના નિયમો ઘડવાની સત્તા કેન્દ્ર સરકારને આપવાની જોગવાઇ છે.

કેન્દ્રિય નાગરિક ઉડ્ડયનમંત્રી કે.રામમોહન નાયડુએ આ વિધેયકની પરની ચર્ચાનો જવાબ આપતાં ગૃહમાં જણાવ્યું હતું કે, ભારતને ઉડ્ડયન ક્ષેત્રનું કેન્દ્ર બનાવવાનું ધ્યેય આ વિધેયકમાં રખાયું છે. આ વિધેયકમાં રોજગારની તકો અને ઉડ્ડયન ક્ષેત્રની આર્થિક પ્રવૃત્તિને વધારવાની બાબતને પણ આવરી લેવાઇ છે.

વિમાનના વધારે પડતા ભાડા અંગે બોલતાં શ્રી નાયડુએ કહ્યું કે, આ અંગે સરકારે વિમાન કંપનીઓને રજૂઆત કરી છે. જો કે, રાજય સરકારો દ્વારા વસૂલાતા કરવેરા અને ઇંધણની વધતી કિંમતોની અસર વિમાન ભાડા ઉપર થાય છે.

આજે રાજયસભામાં સત્તાધારી અને વિપક્ષના સભ્યોએ આ વિધેયક તેમજ ઉડ્ડયન ક્ષેત્રની વિવિધ બાબતો અંગે પોતાનો મત રજૂ કર્યો હતો.

# EVE PARLIAMENT

ભાજપના સાંસદ નિશકાંત દુબે દ્વારા વિપક્ષ કોંગ્રેસના કેટલાક નેતાઓ સામે કરાયેલ આક્ષેપો અને સંભલ હિંસા અંગે કરાયેલા નિવેદનોના પગલે વિપક્ષના સભ્યો દ્વારા ભારે સૂત્રોચ્ચાર કરાતા લોકસભાની બેઠક આજના દિવસ માટે મુલતવી રખાઇ હતી.

શૂન્ય કલાક દરમ્યાન શ્રી દુબેએ ફ્રેંચ સામયિકને ટાંકીને જણાવ્યું હતું કે, કેટલાક તત્વો ભારતીય સંસદ વ્યવસ્થામાં અવરોધ ઉભો કરીને દેશના અર્થતંત્રને નુકસાન પહોંચાડી રહ્યા છે. તેમણે કોંગ્રેસના રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી તેમજ કેટલાક વિપક્ષના નેતાઓ દ્વારા સોશિયલ મિડિયા ઉપર કરાયેલી પોસ્ટ અંગે આક્ષેપો કર્યા હતા. કોંગ્રેસ, ડીએમકે સહિત વિપક્ષના સભ્યોએ એક ઉદ્યોગગૃહ સામે મુકાયેલા લાંચના આક્ષેપો અને સંભલ હિંસાના મુદ્દે સૂત્રોચ્ચાર શરૂ કરતાં ગૃહમાં કાર્યવાહી ખોરવાઇ હતી. લોકસભાના અધ્યક્ષે પહેલા 3 વાગ્યા સુધી અને ત્યારબાદ આજના દિવસ માટે લોકસભાની બેઠક મુલતવી રાખી હતી. એવી જ રીતે રાજયસભામાં પણ ભાજપના સુધાંશુ ત્રિવેદીએ વિપક્ષો સામે કરેલા ગંભીર નિવેદનો ધ્યાનમાં લઇને

સભાપતિ જગદીપ ધનખડે નિર્ધારિત સમય કરતાં વધુ સમય શ્રી ત્રિવેદીને આપ્યો હતો. વિપક્ષોએ સભાપતિના આ નિર્ણયનો વિરોધ કર્યો હતો. ત્યારબાદ સભાપતિએ રાજયસભાની બેઠક બપોરના બાર વાગ્યા સુધી મુલતવી રાખી હતી.

દરમ્યાન, કેન્દ્રિય સંસદિય બાબતોના મંત્રી કિરેન રિજીજુએ વિપક્ષના સભ્યો ગૃહમાં બોલવાના બદલે ગૃહના સંકુલમાં દેખાવો કરી રહ્યા હતા એ બાબતે વિપક્ષના વલણની ટીકા કરી હતી.

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

## PM-ASHTALAKSHMI MAHOTSAV

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે નવી દિલ્હીમાં અષ્ટલક્ષ્મી મહોત્સવનું ઉદ્ઘાટન કરશે. ત્રણ દિવસીય આ ઉત્સવમાં ઉત્તર-પૂર્વના તમામ આઠ રાજ્યોની સંસ્કૃતિ, કાપડ ઉદ્યોગ, હસ્તકલા, પ્રવાસન સ્થળો અને અન્ય ઉત્પાદનોનું પ્રદર્શન કરવામાં આવશે. 250 થી વધુ કારીગરો અનન્ય હસ્તકલા, હેન્ડલૂમ અને 34 GI-ટેગવાળી વસ્તુઓ સહિત કૃષિ-બાગાયત ઉત્પાદનોનું પ્રદર્શન કરશે. આ ઉપરાંત આ કાર્યક્રમમાં ફેશન શો, ડિઝાઇન કોન્ક્લેવ, ખરીદનાર-વિક્રેતા બેઠકનું પણ આયોજન કરવામાં આવશે.

## EVE ISRO - PSLV C59 LAUNCH

ઇસરોએ યુરોપીયન અવકાશ સંસ્થાના પ્રોબા-3 ઉપગ્રહોને સ્વદેશી બનાવટના પીએસએલવી રોકેટની મદદથી અવકાશમાં સફળતાપૂર્વક તરતા મૂક્યા

છે. આજે બપોરે 4 વાગીને 4 મિનિટે પીએસએલવી રોકેટે શ્રી હરિકોટા ખાતેના અવકાશમથકેથી ઉડ્ડયન કરીને 545 કિલોગ્રામના બે ઉપગ્રહોને 18 મીનીટ બાદ પૃથ્વીથી 600 કીલોમીટર અંતરે નિર્ધારિત ભ્રમણકક્ષામાં મૂક્યા હતા.

ઇસરોએ ન્યુ સ્પેસ ઇન્ડિયા લિમિટેડના માધ્યમથી મહત્વપૂર્ણ વ્યવસાયિક પહેલ હાથ ધરી છે.

## STARTUP-TEXTILES

કેન્દ્ર સરકારે ટેકનીકલ ટેક્સટાઇલ ક્ષેત્રની સંશોધન અને ઉદ્યોગ સાહસિકો માટેની યોજના – ગ્રેટ હેઠળ ટેકનીકલ ટેક્સટાઇલ ક્ષેત્રના બે સ્ટાર્ટઅપ માટે 50-50 લાખ રૂપિયાની અનુદાન સહાય મંજૂર કરી છે.

સૂચિત સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ ટકાઉ કાપડ અને તબીબી ક્ષેત્રાના કાપડ જેવા મુખ્ય વ્યૂહાત્મક બાબતોને કેન્દ્રમાં રાખશે. કાર્યક્રમ અંગેની સક્ષમ સમિતિની નવમી બેઠકમાં ટેકનીકલ ટેક્સટાઇલ ક્ષેત્રની છ શિક્ષણ સંસ્થાઓમાં આ ક્ષેત્રના વિવિધ અભ્યાસક્રમો માટે આશરે 14 કરોડ રૂપિયાની અનુદાન સહાય મંજૂર કરાઇ છે. આ અનુદાન સહાયની મદદથી શૈક્ષણિક સંસ્થાઓ વિવિધ ક્ષેત્રના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો શરૂ કરશે.

## VIKSIT BHARAT QUIZ

કેન્દ્રીય યુવા બાબતોના મંત્રાલય દ્વારા વિકસિત ભારત યંગ લીડર ડાયલોગ 2025 અંતર્ગત યોજાઈ રહેલો વિકસિત ભારત ક્વિઝની સમયમર્યાદા 5 દિવસ એટલે કે, 10મી ડિસેમ્બર સુધી લંબાવવામાં આવી છે.

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ આજે સોશ્યલ મિડીયા પર આ જાહેરાત કરી છે. વિકસિત ભારત ક્વિઝ ચેલેન્જ સ્પર્ધા 15 થી 29 વર્ષની વયના યુવાનો માટે ખુલ્લો છે.

આકાશવાણી સાથે વાત કરતાં નેશનલ સર્વિસ સ્કિમ NSSના પ્રાદેશિક નિયામક કમલ કુમાર કરે જણાવ્યું કે, ગુજરાતમાંથી અત્યારસુધીમાં 28 હજારથી વધુ યુવાઓએ આ ક્વિઝ પૂર્ણ કરી છે. તેમણે યુવાનોને મોટી સંખ્યામાં આ ક્વિઝમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો.

## EARLY JAISHANKAR - BHARAT AT 100 SUMMIT

ભારતે કરેલી ઉદ્યોગ ક્ષેત્રની પ્રગતિ જોતાં વિદેશના ઉદ્યોગ સમૂહ પોતાના ઉત્પાદનોના વેચાણ ઉપરાંત ભારતમાં રહેલી ઉદ્યોગક્ષેત્રની પ્રતિભાને ધ્યાનમાં લઇને વૈશ્વિક સંસ્થાઓ દેશમાં આવી રહી છે. વિદેશમંત્રી એસ.જયશંકરે આજે દિલ્હીમાં યોજાયેલા ભારત એટ 100 શિખર સંમેલનમાં બોલતાં વધુમાં કહ્યું હતું કે, ભારત બીજી અર્થવ્યવસ્થાઓ માટે માત્ર ગ્રાહક બજાર બનવા માંગતું નથી. તેમણે કહ્યું કે, ભારત ચીન સાથે તંદુરસ્ત વેપાર ભાગીદારી ઇચ્છી રહ્યું છે. અને તે ચીન ઉપર ઉદ્યોગ ક્ષેત્રે વધુ પડતો આધાર રાખવા માંગતો નથી.

## RS-POST OFFICE

કેન્દ્ર સરકારે દેશમાં વિવિધ વિસ્તારોમાં ઓછામાં ઓછા 3 કિલોમીટરના ક્ષેત્રમાં એક પોસ્ટ ઓફિસ શરૂ કરવાની નેમ રાખી છે. કેન્દ્રિય દૂરસંદેશા વ્યવહાર રાજયમંત્રી પી.ચંદ્રશેખરે આજે રાજયસભામાં પૂરક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, છેલ્લા 10 વર્ષમાં 10 હજાર 500 નવી પોસ્ટઓફિસો શરૂ કરવામાં આવી છે. આ પૈકી 90 ટકા દેશના ગ્રામીણવિસ્તારોમાં શરૂ કરાઇ છે.

બીજા એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે, સમગ્ર દેશમાં કાર્યરત એક લાખ 65 હજારથી વધુ પોસ્ટ ઓફિસોમાં આશરે સાડા ચાર લાખથી વધુ કર્મચારીઓ કાર્યરત છે.

## REV. WOMEN CRICKET- AUS IND

મહિલા ક્રિકેટ ક્ષેત્રે 3 એકદિવસીય મેચોની શ્રેણીની બ્રિસ્બેન્ડમાં રમાયેલી પહેલી એકદિવસીય મેચમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને 5 વિકેટે પરાજય આપ્યો છે. વિજય માટે ભારતે ઓસ્ટ્રેલિયા સામે મુકેલ 100 રનના લક્ષ્યાંકને ઓસ્ટ્રેલિયાએ 16 ઓવરમાં 101 રન નોંધાવીને સરળતાથી જીત મેળવી હતી.

જયોર્જિયા વોલે ઓસ્ટ્રેલિયા તરફથી અણનમ રહીને 46 રન નોંધાવ્યા હતા. અગાઉ ભારતે ટોસ જીતીને પહેલા બેટીંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ભારત તરફથી જેમિહા રોડ્રીંકે સૌથી વધુ 23 રન નોંધાવ્યા હતા. અને ભારતની ટીમ 34 ઓવરમાં 100 રન નોંધાવી શકી હતી. ઓસ્ટ્રેલિયાની મેગન સક્ટે પાંચ વિકેટો ઝડપી હતી. શ્રેણીની બીજી એક દિવસીય મેચ આઠમી ડીસેમ્બરે બ્રિસબેનમાં રમાશે.